CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૩૧ જુલાઇ, ૨૦૨૬ 

# ચોમાસામાં પેટ્સને ખાસ સંભાળની જરૂર

## વરસાદની મજા સાથે સ્વાસ્થ્યની પણ રાખો કાળજી | યોગ્ય સંભાળથી તમારા પેટ રહેશે સંપૂર્ણ સુરક્ષિત



ચોમાસાની ઋતુ માણસો માટે જેટલી આનંદદાયક હોય છે, એટલી જ પડકારજનક પાળતુ પ્રાણીઓ માટે પણ બની શકે છે. સતત વરસાદ, ભેજ, કાદવ અને ગંદકીના કારણે કૂતરા, બિલાડી તેમજ પાળેલા પક્ષીઓમાં ચામડીના રોગ, કાનના ચેપ, પેટની તકલીફો અને શ્વસન સંબંધી બીમારીઓનું જોખમ વધી જાય છે. થોડું ધ્યાન અને નિયમિત સંભાળ રાખવાથી આ સમસ્યાઓથી સરળતાથી બચી શકાય છે. ચોમાસા દરમિયાન પાળતુ પ્રાણીઓને ભીંજાઈ ગયા પછી તરત જ સ્વચ્છ ટુવાલથી સારી રીતે લૂછીને સુકવવા જોઈએ. ખાસ કરીને પગના પંજા, કાન અને શરીરના વાળમાં ભેજ લાંબા સમય સુધી ન રહે તેની કાળજી રાખવી જરૂરી છે. બહાર ફરવા લઈ જતાં કાદવવાળા વિસ્તારો ટાળવા અને ઘરે પરત આવ્યા બાદ પગને સાફ પાણીથી ધોઈને સૂકવવા જોઈએ. પીવાનું પાણી હંમેશા સ્વચ્છ અને તાજું આપવું તેમજ ખોરાક લાંબા સમય સુધી ખુલ્લો ન રાખવો, કારણ કે ભેજના કારણે તેમાં બેક્ટેરિયા અને ફૂગ ઝડપથી વિકસી શકે છે. પાંજરા, બેડ અને રમવાની જગ્યાની નિયમિત સફાઈ કરવાથી ચેપનું જોખમ ઘટે છે. જો પ્રાણીમાં સતત ખંજવાળ, ઉલ્ટી, ઝાડા, ભૂખમાં ઘટાડો, આંખ કે નાકમાંથી સ્રાવ અથવા અસામાન્ય સુસ્તી જોવા મળે તો વિલંબ કર્યા વગર પશુચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ. સમયસર રસીકરણ અને ડીવોર્મિંગ પણ ચોમાસામાં પ્રાણીઓના આરોગ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ચોમાસામાં કૂતરાને થઈ શકે તેવી સામાન્ય સમસ્યાઓ

- ચામડીમાં ફંગલ અને બેક્ટેરિયલ ઇન્ફેક્શન
- કાનમાં ચેપ (Ear Infection)
- ટિક્સ અને પીસૂનો ઉપદ્રવ
- પેટમાં ચેપ, ઉલટી-ઝાડા
- લેપ્ટોસ્પાયરોસિસ જેવી ગંભીર બીમારી

### કૂતરા માટે ખાસ કાળજી

- વરસાદમાં ભીંજાય પછી તરત સુકવી દો.
- પંજા - પેટનો ભાગ સારી રીતે સાફ કરો.
- નિયમિત ડીવોર્મિંગ-ટિક્સની સારવાર કરાવો.
- સ્વચ્છ પાણી અને પૌષ્ટિક આહાર આપો.
- લાંબા વાળ હોય તો નિયમિત ગ્રૂમિંગ કરાવો.

### શું કરવું? (DOs)

નિયમિત વેટરનરી ડોક્ટરની સલાહ લો.
વરસાદ પછી શરીર અને પંજા સુકવો.
સ્વચ્છ પાણી અને સંતુલિત આહાર આપો.
સમયસર રસીકરણ અને ડીવોર્મિંગ કરાવો.
સૂવાની જગ્યા હંમેશા સૂકી રાખો.

### શું ન કરવું?

ગંદા પાણી કે કાદવમાં રમવા ન દો.
ભીનું રેઇનકોટ લાંબા સમય સુધી ન પહેરાવો.
બચેલો કે વાસી ખોરાક ન આપો.
ચામડીની તકલીફને અવગણશો નહીં.
ડોક્ટરની સલાહ વિના દવા ન આપો.

### ચોમાસામાં પાળતુ પ્રાણીઓમાં થતી બીમારીઓ

ચોમાસામાં સૌથી વધુ ચામડીના રોગો જેમ કે ફંગલ ઇન્ફેક્શન, બેક્ટેરિયલ ચેપ, એલર્જી અને સતત ખંજવાળની ફરિયાદ રહે છે. ઉપરાંત કાનમાં દુર્ગંધ, લાલાશ, બ્રાઉન ડિસ્ચાર્જ અને વારંવાર માથું હલાવવું કાનના ચેપના લક્ષણો હોઈ શકે છે. દૂષિત ખોરાક અથવા પાણીથી ઉલટી, ઝાડા, ભૂખમાં ઘટાડો થાય છે.

### પાળેલા પક્ષીઓ માટે વરસાદી કાળજી

ચોમાસામાં વધતી ભેજ અને ઠંડી પાળેલા પક્ષીઓના સ્વાસ્થ્ય પર સીધી અસર કરી શકે છે. આ ઋતુમાં શ્વસન સંબંધી ચેપ, ફંગસ તેમજ બેક્ટેરિયલ સંક્રમણનું જોખમ વધી જાય છે. તેથી પિંજરાને હંમેશા સૂકી, સ્વચ્છ અને હવાની યોગ્ય અવરજવરવાળી જગ્યાએ રાખવો જોઈએ. વરસાદી પાણી કે ભેજ પિંજરામાં ન પહોંચે તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. દરરોજ પીવાનું પાણી અને દાણા તાજા આપો તેમજ ભીનું કે સડેલું ખોરાક તરત દૂર કરી દો.

### બિલાડીની સારસંભાળ રાખવી વધારે અઘરી નથી, સાવચેતી જરૂરી



બિલાડીઓ સામાન્ય રીતે ઘરમાં રહેતી હોવાથી જોખમ ઓછું હોય છે, છતાં ભેજના કારણે કાનમાં ફંગસ અને ચામડીની એલર્જી થઈ શકે છે. કાન નિયમિત ચેક કરો. ભીનું શરીર લાંબા સમય સુધી ન રહેવા દો. લિટર બોક્સ દરરોજ સાફ કરો. પૌષ્ટિક અને તાજો ખોરાક આપો. ઉપરાંત, બિલાડીને હંમેશા સ્વચ્છ અને સૂકી જગ્યાએ આરામ કરવાની વ્યવસ્થા રાખો. પીવાનું પાણી નિયમિત બદલતા રહો. જો વારંવાર ખંજવાળ, કાનમાંથી દુર્ગંધ, આંખમાંથી પાણી આવવું અથવા ભૂખમાં ઘટાડો જોવા મળે તો તરત જ પશુચિકિત્સકની સલાહ લો. નિયમિત ગ્રૂમિંગ પણ ચોમાસામાં ખૂબ લાભદાયક રહે છે.

**એક્સપર્ટ સલાહ** | "ચોમાસામાં પાળતુ પ્રાણીઓને સ્વચ્છ, સૂકા અને પોષણયુક્ત વાતાવરણમાં રાખવાથી મોટાભાગની બીમારીઓથી બચી શકાય છે. નિયમિત વેટરનરી ચેકઅપ તેમની તંદુરસ્તી માટે સૌથી અસરકારક ઉપાય છે."

### ડોગના વર્તનમાં ફેરફાર દેખાય તો તુરંત પશુચિકિત્સકનો સંપર્ક કરો

અમારા ઘરે પેટ ડોગ પરિવારના સભ્ય જેવો જ છે, એટલે ચોમાસામાં અમે તેની ખાસ કાળજી રાખીએ છીએ. વરસાદમાં બહારથી આવ્યા બાદ તેના પંજા અને રૂંવાટીને હૂંફાળા પાણીથી સાફ કરીને સારી રીતે સૂકવીએ છીએ, જેથી ભેજથી ફંગલ ઇન્ફેક્શન ન થાય. અમે તેને હંમેશા તાજું, પૌષ્ટિક અને ઘરનું જ ભોજન તેમજ સ્વચ્છ પાણી આપીએ છીએ. કાનની નિયમિત સફાઈ કરીએ છીએ અને પશુચિકિત્સકની સલાહ મુજબ ડી-વોર્મિંગ, એન્ટી-ટિક સારવાર અને રસીકરણ કરાવીએ છીએ. તેનું સૂવાનું સ્થાન સ્વચ્છ અને સૂકું રાખીએ છીએ. તેના વર્તનમાં કોઈ ફેરફાર જણાય તો તરત જ પશુચિકિત્સકનો સંપર્ક કરીએ છીએ.

**વૈભવી પરમાર,** msu Student



### ગ્રેસી માત્ર ડોગ નથી, પરંતુ મારા પરિવારનું બાળક

"મારા માટે ગ્રેસી માત્ર ડોગ નથી, પરંતુ મારા પરિવારનું બાળક છે. 13 વર્ષની ઉંમરે તેની તંદુરસ્તી જળવાઈ રહે તે મારી સૌથી મોટી જવાબદારી છે. ચોમાસામાં બહાર લઈ જાઉં ત્યારે તેને રેઈન પેટ પહેરાવું છું. ઘરે આવ્યા પછી તેના પગ ધોઈને ટૂવાલ અને ડ્રાયરથી શરીર સંપૂર્ણ સૂકવું છું, જેથી સ્કિન ઈન્ફેક્શનનો ભય ન રહે. તેની ઉંમર અને વજનને ધ્યાનમાં રાખીને મેં દૂધ બંધ કર્યું છે અને હવે તેને બાફેલું કોળું, ઓટ્સ, ક્રીમ અને લીલી ભાજીનો પૌષ્ટિક આહાર આપું છું. મારી કોશિશ એટલી જ છે કે ગ્રેસી હંમેશા સ્વસ્થ અને ખુશ રહે."

**માધવી આશિષ કર્ણિક,**ગ્રેસીની ઓનર



### ડોગના વર્તનમાં ફેરફાર દેખાય તો તુરંત પશુચિકિત્સકનો સંપર્ક કરો

એક પેટ ડોગ આપણા જીવનનો માત્ર થોડો જ હિસ્સો હોઈ શકે છે, પરંતુ આપણા જીવનમાં આપણે જ તેનું આખું વિશ્વ હોઈએ છીએ. તેની એ નિર્દોષ આંખોમાં રહેલો વિશ્વાસ એ વાતની સાક્ષી છે કે તે તમારા પર પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરવા તૈયાર છે. એટલે જ, તેની નાની-મોટી દરેક જરૂરિયાત અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું એ જ તેને સાચો પ્રેમ આપવા બરોબર છે. સમયસર રસીકરણ, પૌષ્ટિક આહાર, નિયમિત કસરત, સ્વચ્છતા અને સ્નેહભર્યો સાથ તેને લાંબું, તંદુરસ્ત અને ખુશહાલ જીવન આપે છે. યાદ રાખો, પેટ ડોગ માટે મોંઘી વસ્તુઓ કરતાં તમારો સમય, હૂંફ, પ્રેમ અને લાગણી વધુ કિંમતી હોય છે.

**ભારતી પરમાર,**ગૃહિણી



---

### 'Seed to Stitch'ની અનોખી સફર, કપાસના બીજથી કુદરતમાં ભળી જતાં વસ્ત્રો સુધી

# વસ્ત્ર પહેરો... પછી ધરતીને પરત આપો!

## વડોદરાના સ્ટાર્ટઅપ 'લીલાલેર'એ ફેશનને આપી હરિયાળી દિશા; 12 અઠવાડિયામાં જમીનમાં ભળી જાય એવા કમ્પોસ્ટેબલ વસ્ત્રો બનાવ્યા





આજના સમયમાં ફેશન ઉદ્યોગ વિશ્વના સૌથી મોટા પ્રદૂષણકાર ઉદ્યોગોમાં સ્થાન ધરાવે છે. કૃત્રિમ તંતુઓ, રસાયણયુક્ત રંગો અને 'ફાસ્ટ ફેશન'ના વધતા વલણને કારણે દર વર્ષે લાખો ટન કાપડનો કચરો પર્યાવરણ માટે પડકાર બની રહ્યો છે. આવા સમયે વડોદરાથી કાર્યરત સ્ટાર્ટઅપ લીલાલેર (Leelaler) પર્યાવરણને કેન્દ્રમાં રાખીને સંપૂર્ણપણે કમ્પોસ્ટેબલ વસ્ત્રો તૈયાર કરી ફેશન ઉદ્યોગને નવી દિશા આપી રહ્યું છે. NID અમદાવાદમાંથી ટેક્સટાઈલ ડિઝાઈનમાં માસ્ટર્સ કરનાર શૈલા નામ્બિયાર, ઓર્ગેનિક ખેતી સાથે સંકળાયેલા અંશુલ રાજબંશી અને એમ.એસ. યુનિવર્સિટીના એપ્લાઈડ આર્ટ્સ નિષ્ણાત સાગર દેશપાંડે દ્વારા સ્થાપિત આ સ્ટાર્ટઅપ 'Seed to Stitch' મોડલ પર કાર્ય કરે છે. કપાસના બીજથી લઈને તૈયાર વસ્ત્ર સુધીની સમગ્ર પ્રક્રિયામાં સ્વદેશી કપાસ, કુદરતી રંગો અને પરંપરાગત હસ્તકળાને પ્રાધાન્ય આપવામાં આવે છે. કચ્છના કલા કોટન અને મહારાષ્ટ્રના બ્રાઉન કોટન જેવી વરસાદ આધારિત સ્વદેશી કપાસની જાતોનો ઉપયોગ કરીને ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવે છે. જ્યારે વસ્ત્રોની સિલાઈનું કાર્ય વડોદરામાં કરવામાં આવે છે, જે શહેરને સસ્ટેનેબલ ટેક્સટાઈલ ઈનોવેશનના કેન્દ્ર તરીકે નવી ઓળખ અપાવી રહ્યું છે.

### વૈજ્ઞાનિક પ્રમાણિકતા સાથે સસ્ટેનેબિલિટી - વસ્ત્ર જમીનમાં ભળ્યું, માટીની ગુણવત્તા પણ સુધરી

લીલાલેરની સૌથી મોટી વિશેષતા એ છે કે તેના દરેક વસ્ત્રમાં શક્ય તેટલી કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. હાથથી કાંતેલું સૂતર, હાથવણાટનું કાપડ, વનસ્પતિ આધારિત કુદરતી રંગો, 100 ટકા ઓર્ગેનિક કપાસના દોરા, નાળિયેરની છાલમાંથી બનેલા બટન, કુદરતી રબરના ઇલાસ્ટિક અને કુદરતી ઇન્ડિગો શાહીથી તૈયાર લેબલ - દરેક ઘટક પર્યાવરણને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યો છે.સ્ટાર્ટઅપે પોતાના વસ્ત્રો પર 12 અઠવાડિયાનું કમ્પોસ્ટિંગ પરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ GSFC એગ્રોટેક દ્વારા કરાયેલા માટી પરીક્ષણમાં વસ્ત્ર સંપૂર્ણપણે જમીનમાં વિઘટિત થઈ ગયું હોવાની સાથે જમીનની ગુણવત્તા અને કેટલાક પોષક તત્ત્વોમાં સુધારો નોંધાયો હતો. આ પરિણામો દર્શાવે છે કે ફેશન માત્ર દેખાવ પૂરતું નહીં, પરંતુ પર્યાવરણનું સંરક્ષણ પણ કરી શકે છે.ગ્રાહકોને ઉત્પાદન પ્રક્રિયા અંગે સંપૂર્ણ માહિતી મળે તે માટે દરેક વસ્ત્ર પર QR કોડ આપવામાં આવે છે, જેના દ્વારા કપાસના સ્ત્રોતથી લઈને રંગકામ અને જાળવણી સુધીની વિગતો જાણી શકાય છે.લીલાલેર આજે 100થી વધુ ગ્રામિણ કારીગરો અને તેમના પરિવારોને રોજગાર સાથે જોડે છે. ખેડૂતો, સૂતર કાંતનાર, વણકરો, કુદરતી રંગકામ કરનાર અને દરજીઓની પરંપરાગત કળાને આધુનિક બજાર સાથે જોડીને આ સ્ટાર્ટઅપ ગ્રામિણ અર્થતંત્રને પણ મજબૂત બનાવી રહ્યું છે.

### લીલાલેરને શું બનાવે છે ખાસ?

- 100% કમ્પોસ્ટેબલ વસ્ત્રો
- વરસાદ આધારિત કપાસનો ઉપયોગ
- વનસ્પતિ આધારિત કુદરતી રંગો
- હાથથી કાંતેલું અને હાથવણાટનું કાપડ
- નાળિયેરની છાલમાંથી બનેલા બટન
- QR કોડથી સંપૂર્ણ ટ્રેસેબિલિટી

### 12 અઠવાડિયામાં વસ્ત્ર જમીનમાં વિઘટિત

100-150 ગ્રામિણ કારીગરો અને પરિવારોને રોજગારી 8 મહિનાનું સંશોધન કુદરતી શાહી વિકસાવવા માટે કાચો માલ કચ્છ, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી, સ્ટિચિંગ વડોદરામાં GSFC એગ્રોટેકના પરીક્ષણમાં જમીનની ગુણવત્તામાં સુધારો નોંધાયો

---

### બંધનાથી ફેશન સ્ટેટમેન્ટ સુધી...

# 'બોહો હેડસ્કાર્ફ'નો ટ્રેન્ડ યુવાનોમાં હિટ, બોલિવૂડ સેલિબ્રિટીઓએ વધારી લોકપ્રિયતા

## કોલેજ, કેફે, બીચ વેકેશન, રોડ ટ્રિપ, મ્યુઝિક ફેસ્ટિવલ કે ફોટોશૂટ અને દરેક પ્રસંગે રંગબેરંગી સ્કાર્ફ હવે ફેશનનો અભિન્ન ભાગ બની ગયો

એક સમય હતો જ્યારે સ્કાર્ફ કે બંધના માત્ર ધૂળ, તડકો અથવા વાળને સુરક્ષિત રાખવા માટે પહેરવામાં આવતું હતું. આજે એ જ બંધના ફેશન જગતમાં સૌથી હોટ એક્સેસરી બની ગયું છે. ખાસ કરીને બોહો (Boho) હેડસ્કાર્ફ ટ્રેન્ડે સોશિયલ મીડિયા અને બોલિવૂડ બંનેમાં ધૂમ મચાવી છે. પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ, અનન્યા પાંડે, કરીના કપૂર અને સેહર બાંબા જેવી અભિનેત્રીઓ વિવિધ પ્રસંગોએ બોહો સ્કાર્ફ સાથે જોવા મળતાં આ ટ્રેન્ડ ફરી ચર્ચામાં આવ્યો છે.ફેશન નિષ્ણાતોના જણાવ્યા મુજબ 1970ના દાયકાના બોહેમિયન સ્ટાઈલને આધુનિક ટચ સાથે ફરી રજૂ કરવામાં આવી રહ્યો છે. ફ્લોરલ પ્રિન્ટ, સેટિન, સિલ્ક અને કોટનના સ્કાર્ફ હવે માત્ર હેડગિયર નથી રહ્યા, પરંતુ સમગ્ર લુકને અલગ ઓળખ આપતું સ્ટાઈલ સ્ટેટમેન્ટ બની ગયા છે. ઈન્સ્ટાગ્રામ અને પિન્ટરેસ્ટ પર »HeadScarf અને »BohoStyle જેવા હેશટેગ હેઠળ લાખો પોસ્ટ્સ આ ટ્રેન્ડની લોકપ્રિયતાનો પુરાવો આપે છે.વડોદરા સહિત ગુજરાતના યુવાનોમાં પણ આ ટ્રેન્ડ ઝડપથી લોકપ્રિય બની રહ્યો છે. કોલેજ, કેફે, બીચ વેકેશન, રોડ ટ્રિપ, મ્યુઝિક ફેસ્ટિવલ કે ફોટોશૂટ–દરેક પ્રસંગે રંગબેરંગી સ્કાર્ફ હવે ફેશનનો અભિન્ન ભાગ બની ગયો છે.





### શા માટે વધી રહ્યો છે હેડસ્કાર્ફનો ટ્રેન્ડ?

- ગરમી અને સૂર્યપ્રકાશથી વાળનું રક્ષણ
- સરળ અને બજેટ-ફ્રેન્ડલી ફેશન
- દરેક આઉટફિટ સાથે સરળતાથી મેચ થાય
- સોશિયલ મીડિયા રીલ્સ અને ફોટોશૂટ માટે પરફેક્ટ લુક
- ટ્રાવેલ અને વેકેશન માટે સૌથી લોકપ્રિય એક્સેસરી



### ખરીદી કરતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો

સ્કાર્ફ ખરીદતી વખતે માત્ર ડિઝાઇન નહીં, પરંતુ ફેબ્રિક, રંગ અને ઉપયોગને પણ ધ્યાનમાં રાખવો જોઈએ. રોજિંદા ઉપયોગ માટે કોટન અથવા સેટિન ફેબ્રિક આરામદાયક અને ટકાઉ રહે છે. ઉનાળાની ઋતુમાં હળવા અને સોફ્ટ રંગો વધુ તાજગીભર્યો લુક આપે છે. કેઝ્યુઅલ ડ્રેસ સાથે પ્રિન્ટેડ સ્કાર્ફ સ્ટાઇલિશ દેખાવ આપે છે, જ્યારે પાર્ટી કે ફોર્મલ પ્રસંગોમાં સિલ્ક સ્કાર્ફ આકર્ષણ વધારી દે છે. ઉપરાંત, પોતાના ચહેરાના આકાર અને ડ્રેસિંગ સ્ટાઇલને અનુરૂપ સ્કાર્ફ બાંધવાની રીત પસંદ કરવાથી સમગ્ર વ્યક્તિત્વ વધુ સુંદર, સ્માર્ટ અને આત્મવિશ્વાસપૂર્ણ દેખાય છે.

### બોલિવૂડથી હેડસ્કાર્ફ ટ્રેન્ડને મળ્યો બૂસ્ટ

હેડસ્કાર્ફનો ટ્રેન્ડ ફરી એકવાર બોલિવૂડ અભિનેત્રીઓના સ્ટાઇલિશ લુકથી ચર્ચામાં આવ્યો છે. પ્રિયંકા ચોપરા જોનાસ, આલિયા ભટ્ટ, કરીના કપૂર ખાન, અનન્યા પાંડે અને સેહર બાંબા જેવી અભિનેત્રીઓએ એરપોર્ટ લુક, વેકેશન અને કેઝ્યુઅલ આઉટિંગ દરમિયાન વિવિધ પ્રકારના હેડસ્કાર્ફ પહેરીને આ ફેશનને નવી ઓળખ આપી છે. તેમની સ્ટાઇલ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં યુવા પેઢીમાં પણ હેડસ્કાર્ફની લોકપ્રિયતા વધી છે. આજે હેડસ્કાર્ફ માત્ર સૂર્યપ્રકાશથી બચાવનું સાધન નથી, મહત્વનું ફેશન એક્સેસરી બની ગયું છે.

### ટ્રેન્ડ એલર્ટ

"બોહો હેડસ્કાર્ફ માત્ર એક એક્સેસરી નથી, પરંતુ આજની ફેશન દુનિયામાં વ્યક્તિગત સ્ટાઇલ અને આત્મવિશ્વાસને વ્યક્ત કરતું સ્ટેટમેન્ટ બની ગયું છે."